# યથાર્થ યાત્રા:
# પ્રેમપથ પર પ્રગતિ

પ્રિય મિત્રો,

બધા આધ્યાત્મિક આકાંક્ષીઓનું લક્ષ્ય એકસરખું જ હોય છે અને તે છે, સ્વ-પરિવર્તન. ઘણાં બધા આધ્યાત્મિક માર્ગો ગુરુને જ આધીન રહેવાની હિમાયત કરતા હોય છે, પરંતુ જ્યાં સુધી આપણે કોઈ બીજા પર આધાર રાખતા હોઈએ, ત્યાં સુધી પરિવર્તન અશક્ય હોય છે. હવે જયારે આપણે પરિવર્તનને આપણી પોતાની જવાબદારી સમજીને કહીએ કે, "મારે તે લાવવું જ છે," ત્યારે જ પરિવર્તન શક્ય બને છે. બાકી તો ઈશ્વર પર આધાર રાખવાનો અર્થ પણ એ જ થાય કે, 'તમે તમારી જવાબદારી બીજા પર ઢોળી દો છો.'

મારી ઉન્નતિ કરવાની કે મારું પરિવર્તન કરવાની જવાબદારી મારા ગુરુની કે અન્ય કોઈની છે, એવું જો હું સમજુ, તો તે પરિવર્તન નહીં થાય. તેનું કારણ એકદમ સરળ છે: ઈશ્વર અને ગુરુ તો જે જરૂરી હતું, તે બધું કરી જ ચૂક્યા છે. હવે, આકાંક્ષી તરીકે મારું કામ એ છે કે મારા હૃદયમાં બીજરૂપે જે અપાયું છે, તેને ઓળખવું તથા તેને અંકુરિત થઇ ખીલવા દેવું. પ્રારબ્ધ પર આધાર રાખવો તે તો તદ્દન નિરર્થક છે – જોકે, એ પણ સાચું જ છે કે એક રીતે તો આપણે જ આપણાં કર્મ દ્વારા આપણું પ્રારબ્ધ ઘડ્યું હોય છે.

આપણે જ્યારે આપણાં પોતાનામાં પરિવર્તન લાવવાની તીવ્ર આકાંક્ષા રાખતા હોઈએ, ત્યારે આપણને સમજાય છે કે આધ્યાત્મિકતામાં (ખાસ કરીને ભારતીય પરંપરામાં) કર્મ, જ્ઞાન અને ભક્તિ યોગની વાત આવે છે. 'હાર્ટફુલનેસ' માર્ગ, ખરેખર આનો અદ્ભુત ત્રિવેણી સંગમ છે. આમ છતાં, આવા સુંદર માર્ગ પર યાત્રા કરતાં હોવા છતાં, આપણે જોઈએ છીએ કે આ માર્ગ પર પણ ઘણા ભયસ્થાનો રહેલાં છે અને એનું કારણ એ છે કે આપણે કર્મ અને જ્ઞાનનાં અભિગમને વધારે પડતું પ્રાધાન્ય આપીએ  છીએ. જો પ્રાધાન્ય  વધારે પડતું આપવામાં આવે, તો ત્યાં વિરોધ જણાય છે કારણ કે આપણો માર્ગ તો ઘણો સૂક્ષ્મ છે. જ્યારે કર્મ અને જ્ઞાનનાં અભિગમને વધારે પ્રમાણમાં પ્રાધાન્ય અપાય, ત્યારે તે આપણા માર્ગની સૂક્ષ્મતાનું વિરોધાભાસી બની જાય છે.

તમે સાંભળ્યું હશે કે જ્યારે બ્રાહ્મણોનું ઉચ્ચ આધ્યાત્મિક સ્થાનેથી પતન થાય છે, ત્યારે તેઓ બ્રહ્મરાક્ષસ બને છે. એ જ રીતે જ્યારે યોગીઓનું ઉચ્ચ સ્થાનેથી પતન થાય છે, ત્યારે તેઓ યોગ-ભ્રષ્ટ કહેવાય છે. યોગ-યાત્રા અસંખ્ય કારણોને લીધે અધૂરી રહી શકે છે. જ્ઞાનીઓ અને કર્મીઓ પતન પામે છે, પરંતુ શું તમે કદી કોઈ ભક્તના પતન બાબતે એવું સાંભળ્યું છે કે કોઈ ભક્ત પતન પામે છે? ભક્તિ-ભ્રષ્ટ

જે કોઈ પણ શરણાગતિ પ્રાપ્ત કરે છે, એટલે કે અદમ્ય આદરભાવ સાથે શરણે જાય છે, ત્યારે ઈશ્વર એ બધાનું રક્ષણ કરે છે. સમસ્યા ત્યારે જ શરૂ થાય છે કે જ્યારે આપણે 'કર્તા' થઈએ છીએ. ભક્તનું કદી પતન થતું જ નથી, થઈ શકે પણ નહીં. કોઈપણ ભક્તનું આધ્યાત્મિક પતન ક્યારેય થયું નથી; એવું ક્યારેય બની ન શકે.

જેવો કોઈ શબ્દ છે જ નહીં કારણ કે ભક્ત તો ઈશ્વરની સીધી સંભાળ હેઠળ હોય છે. જે જીવ ઈશ્વર પાસે શરણાગતિ માટે આવે છે, એટલે કે અત્યંત પ્રેમ સાથે શરણાગતિ માટે આવે છે, તેની 'તે' રક્ષા કરે છે. જે કોઈ પણ શરણાગતિ પ્રાપ્ત કરે છે, એટલે કે અદમ્ય આદરભાવ સાથે શરણે જાય છે, ત્યારે ઈશ્વર એ બધાનું રક્ષણ કરે છે. સમસ્યા ત્યારે જ શરૂ થાય છે કે જ્યારે આપણે 'કર્તા' થઈએ છીએ. ભક્તનું કદી પતન થતું જ નથી, થઈ શકે પણ નહીં. કોઈપણ ભક્તનું આધ્યાત્મિક પતન ક્યારેય થયું નથી; એવું ક્યારેય બની ન શકે. જો એવું થતું જણાય, તો તે સાચી ભક્તિના કે શરણાગતિના અભાવની નિશાની જ છે. જો ક્યારેય એવું લાગે કે તેનું પતન થયું, તો તેનો અર્થ એ છે કે તેનામાં સાચી ભક્તિની અથવા શરણાગતિની ઊણપ છે.

પહેલાં તો આપણે 'તેના'થી અલગ જ શા માટે થયાં કે હવે આપણને 'તેને' શોધવાની કે વિસરાઈ ગયેલા તે જોડાણને પુન:સ્થાપિત કરવાની જરૂર લાગી રહી છે? આપણે શા માટે અલગ થયાં, તેનાં કારણો પણ આપણે જાણવા જોઈએ અને તે દૂર કરવાં જોઈએ. યથાર્થ યાત્રાની શરૂઆત આ છે.



જ્યારે મને પહેલી વાર સહજ માર્ગનો પરિચય કરાવવામાં આવ્યો, ત્યારે દ્રૌપદીબહેને મને પાયાનો પ્રશ્ન પૂછ્યો હતો, "તમે ધ્યાન શા માટે કરવા ઈચ્છો છો?" મેં જવાબ આપ્યો, "હું ઈશ્વરને શોધું છું."

આજે, હું જ્યારે મારી પોતાની કેટલીક માન્યતાઓનું પુનરાવલોકન કરું છું, ત્યારે હવે મને બધું જુદી રીતે સમજાય છે.  હવે મને સમજાય છે કે હું ત્યારે કેટલો ખોટો હતો. જોકે આપણામાંના મોટા ભાગના લોકો કહેતા હોય છે કે 'અમે ઈશ્વરને શોધીએ છીએ,' પણ હવે મને આ સાંભળવું હાસ્યાસ્પદ લાગે છે. કદાચ જે ખૂબ નાનું હોય તે આપણને ન દેખાય, પણ જે સર્વ-વ્યાપી છે, 'તેને' આપણે કેવી રીતે ચૂકી ગયા? એ જ રીતે, 'તે' સર્વત્ર હોય છે, પણ આપણે તે જોતાં જ નથી - જેવી રીતે જિંદગીભર દરિયામાં જ રહેતી માછલીને દરિયો એટલે શું, તેની કોઈ જાણ હોતી નથી. એ ઉપરાંત, આપણે કલ્પના કરીએ છીએ કે ઈશ્વર ભૌતિક રીતે અનંત છે અને પછી ગૂંચવાઈએ છીએ કારણ કે આપણે ક્યારેય અસ્તિત્વનો અંત જોયો પણ નથી કે નથી તેને અનુભવી શકતા. દિવ્યતા તેના અનંત સ્તરને વધારે અપ્રગટ સ્વરૂપે અપનાવે છે.

જો હું 'તેને' શોધવાની શરૂઆત કરું, તો પણ હું મારી સીમિત સમજથી અનંતતાને કેવી રીતે સમજી શકું, સિવાય કે 'તેના' તરફથી કોઈક રીતે 'તે' મને પણ શોધે! અનંતતાને પકડી શકાતી નથી – જે અતિસૂક્ષ્મ કરતાં પણ નાનું હોય, અને સૌથી મોટા કરતાં પણ મોટું હોય, તેને કેવી રીતે માપવું? એ ઉપરાંત, બીજી એક સમસ્યા એ પણ છે કે સ્થૂળ ક્યારેય સૂક્ષ્મને જાણી નથી શકતું.

આમ, અહોભાવ અને પૂજ્યભાવ સહિતની શરણાગતિ, એ જ એકમાત્ર માર્ગ છે:

वो दिल कहां से लाऊं, जो तुझे पहचाने!

'તને' ઓળખી શકે, એવું હૃદય ક્યાંથી લાવું?

આ બધાં ઉપરાંત પણ આપણે એક મૂળભૂત સમસ્યા ઉકેલવાની છે: પહેલાં તો આપણે 'તેના'થી અલગ જ શા માટે થયાં કે હવે આપણને 'તેને' શોધવાની કે વિસરાઈ ગયેલા તે જોડાણને પુનઃસ્થાપિત કરવાની જરૂર લાગી રહી છે? આપણે શા માટે અલગ થયાં, તેનાં કારણો પણ આપણે જાણવા જોઈએ અને તે દૂર કરવાં જોઈએ. યથાર્થ યાત્રાની શરૂઆત આ છે. કલ્પના કરો કે તમે સમુદ્રકિનારે ઉછળકૂદ કરતા મોજાંની મજા માણી રહ્યાં છો. તમને સમુદ્રની ઊંડાઈની જાણ નથી કારણ કે તમે તો માત્ર સપાટી ઉપરના મોજાં જ જોઈ શકો છો. મોજાં પણ પૂછી રહ્યાં છે, "સમુદ્ર ક્યાં છે?" તે પણ બેચેનીથી સમુદ્રને શોધી રહ્યાં છે. જ્યારે મોજાં ધીમા પડીને શમી જાય, ત્યારે સપાટી પરના મોજાં સમુદ્ર સાથે ભળી જાય છે અને બધું સ્પષ્ટ થઇ જાય છે."

મોજાં ભૂલી ગયાં છે કે તેમનું મૂળ સમુદ્ર છે – તે તેમાંથી જ ઉત્પન્ન થતાં હોય છે અને પાછાં તેમાં જ સમાઈ જતાં હોય છે. જો મોજાંને સમુદ્રમાં ભળી જવું હોય, તો તે માટે તેમણે ધીમા પડવું જોઈએ, શમી જવું જોઈએ અને સ્થિર થઈ જવું જોઈએ. શમી જવાની પરાકાષ્ઠા એટલે મૃત્યુ. તો, જો આપણે જીવંત મૃત (મરજીવા) બનીને મૃત્યુના ગુણધર્મનું અનુકરણ કરી શકીએ અને તેને આત્મસાત કરી શકીએ, તો આપણાં હૃદયમાં સ્વીકૃતિ આપોઆપ આવી જાય છે. હવે, મૂળ સમુદ્ર સાથે એકરૂપ થઈ જવાની શુભ ઘડી શરૂ થાય છે, સમાધિની મૂળ સ્થિતિ જેવી સ્થિતિ સર્જાય છે. શારીરિક મૃત્યુથી સમસ્યા દૂર નથી થતી. ખરેખર તો, સમસ્યા આપણાં સૂક્ષ્મ શરીર સાથે જડાયેલી હોય છે અને આમ, જન્મ-મૃત્યુનું ચક્ર અનંતપણે ચાલુ રહે છે.



જો આપણે જીવંત મૃત (મરજીવા) બનીને મૃત્યુના ગુણધર્મનું અનુકરણ કરી શકીએ અને તેને આત્મસાત કરી શકીએ, તો આપણાં હૃદયમાં સ્વીકૃતિ આપોઆપ આવી જાય છે. હવે, મૂળ સમુદ્ર સાથે એકરૂપ થઈ જવાની શુભ ઘડી શરૂ થાય છે, સમાધિની મૂળ સ્થિતિ જેવી સ્થિતિ સર્જાય છે.

પ્રિયતમના પ્રેમમાં પોતાની જાતને ફના કરી દેવાની કળા જ ભક્તિ છે અને આમ જ્યારે આપણે પોતાની જાતથી ઉપર ઉઠીએ છીએ, ત્યારે ચોક્કસપણે જવાબ મળી જાય છે.

> जब मैं था तब हरी नहीं, अब हरी है मैं नाही ।
> सब अँधियारा मिट गया, दीपक देखा माही ।।
>
> જ્યારે હું હતો, ત્યારે હરિ નહતા, હવે હરિ છે, હું નથી.
> જ્યારે મેં અંતરમાં જ અજવાળું જોયું,
> ત્યારે અંધકાર(ભ્રમણાઓ) બધો દૂર થયો.

‘હું-પણા’નો ભ્રમ, અંધકાર છે અને તે હરિદર્શન માટે આપણામાં અવરોધ પેદા કરે છે. જ્યારે હૃદયમાં ‘તે’ હોય, ત્યારે માત્ર પ્રકાશ જ હોય છે અને આપણી હાજરીને લીધે જે અંધકાર હોય છે, તે ગાયબ થઈ જાય છે.

ભક્તિ - એટલે કે પ્રિયતમ પ્રત્યનો ઉત્કટ પ્રેમ, જે લાગણીઓના અને સમયના મોજાને દિવ્યતાની એકરૂપતામાં ઢાળી દે છે. તેનાથી વિપરીત, ‘પ્રિયતમ’ના ખ્યાલથી દૂર રહેવું, એ દુ:ખ અને દર્દ લાવે છે.




જાગૃતતાની અંતિમ સીમા, પૂર્ણ દિવ્યીકરણ છે. જાગૃતતાના ઉચ્ચ અને નિમ્ન સ્તરો ચેતનાના સમુદ્રમાં જ આવેલા છે. આ સમજી ગયા પછી આપણે પ્રિય બાબુજીના એ વેધક પ્રશ્ન: “આ ચેતનાને કઈ બાબત આધાર આપે છે?” તેનો અર્થ પણ સમજી શકીશું. જ્યારે આપણે ઈશ્વરને અને પ્રેમને નકારીએ છીએ, ત્યારે આપણે આપણી ખૂબીઓને અને ખામીઓને પારખવાની દૃષ્ટી ગુમાવી બેસીએ છીએ અને અજ્ઞાની બની રહીએ છીએ.

એક વ્યક્તિ કે જેણે પોતાનું આંતરિક દિશાસૂચન ગુમાવી દીધું છે કે પછી જેનું આંતરિક દિશાસૂચન બિલકુલ ‘દિવ્યતા’થી વિરુદ્ધ દિશાનું છે, તેના જેટલી રાંક (હીન કે તરછોડાયેલી, તુચ્છ) વ્યક્તિ કોઈ જ નથી. ભક્તિ - એટલે કે પ્રિયતમ પ્રત્યનો ઉત્કટ પ્રેમ, જે લાગણીઓના અને સમયના મોજાને દિવ્યતાની

એકરૂપતામાં ઢાળી દે છે. તેનાથી વિપરીત, 'પ્રિયતમ'ના ખ્યાલથી દૂર રહેવું, એ દુ:ખ અને દર્દ લાવે છે.

યહૂદી પ્રથા પાપને બહુ ચોક્કસપણે એ રીતે વ્યાખ્યાયિત કરે છે કે જે પૂજનીય છે, તેનાથી દૂર જવું, તે પાપ છે. બાબુજી કહે છે કે કૃતઘ્નતા જ મોટું પાપ છે. ખરેખર જ્યારે આપણે કૃતઘ્ન થવા માંડીએ, ત્યારે જ આપણે સાચા સંબંધથી અલગ ફંટાઈ જઈએ છીએ. ભટકી જવાની શરૂઆત કૃતઘ્નતાથી થાય છે; તેથી તે પાપ છે. હવે પ્રેમ હોતો જ નથી અને આથી સંબંધ પૂરો થાય છે. આ સંબંધ પૂરો




મુક્તિ તરફ પ્રયાણ

કર્યા પછી શું? કલ્પના કરો કે આપણે સમુદ્રના મોજાંને પૂછીએ કે, “હે પ્રિય અને બળવાન મોજાં, તું આ સમુદ્રથી દૂર જવા માંગે છે, પણ તું જઈશ ક્યાં?”

આ દ્રષ્ટિકોણથી આપણે જ્યારે પણ આપણી જાગૃતતાને દુન્યવી સંપત્તિ, દેહ, મન, બુદ્ધિ અને અહંકાર સાથે ઓળખીએ છીએ, ત્યારે આપણે ‘કેન્દ્ર’થી, જીવન-સ્ત્રોતથી, ‘આત્મન’થી, વિમુખ થતાં જઈએ છીએ. બાબુજીની સમજાવવાની સુંદરતા એમાં દેખાઈ આવે છે કે તેઓ આ માયા અને અહંકાર સાથેની આપણી ઓળખને સાંખ્યની જેમ ૨૩ વર્તુળો વાળી આકૃતિ દ્વારા એકદમ સરળ રીતે સમજાવે છે. આ ચિત્રમાં, માયાના માત્ર પાંચ જ વર્તુળો છે, જ્યારે અહંકારના ૧૧ વર્તુળો છે. એનો અર્થ માત્ર એ જ થાય કે અહંકાર જ આપણને ‘કેન્દ્ર’થી દૂર, વર્તુળના પરિઘ તરફ ઘસડી જાય છે. આપણા માર્ગમાં માયા કરતાં વધુ નડતરરૂપ અવરોધ અહંકાર જ છે. આ એક ભ્રાંતિ જેવું છે.

પતંજલિ ઋષિ આને ‘ભ્રાંતિદર્શન’ એટલે કે ખોટી અવધારણા કહે છે, દુન્યવી ચીજ-વસ્તુઓના સંપાદન સામે મારો કોઈ વિરોધ નથી, પણ બાહ્ય સંપત્તિ અને સમૃદ્ધિને આપણી ઓળખ બનાવવી, એ આપણી આંતરિક દરિદ્રતા જ બતાવે છે. આવી સંપત્તિ માત્ર ભ્રાંતિ અને બિનસલામતીની ભાવના જ સર્જે છે. આપણું જીવન આપણી આ ઓળખને કારણે ઉભી થતી ભ્રાંતિમાં જ વીતે છે. આ હકીકતને આપણામાંના શ્રેષ્ઠ લોકો પણ સમજી શકતા નથી.

ભ્રમ, અજ્ઞાન, અંધકાર અને સભાનતાના અભાવની
છાયા હેઠળ જીવાતી જિંદગી નરક સમાન હોય છે,
જ્યારે સ્પષ્ટતા, નિર્દોષતા અને આનંદ હેઠળ
જીવાતી જિંદગી સ્વર્ગ સમાન હોય છે. ભક્તિની
અને તેના પરિણામોની આ જ સુંદરતા છે.



ભ્રમ, અજ્ઞાન, અંધકાર અને સભાનતાના અભાવની છાયા હેઠળ જીવાતી જિંદગી નરક સમાન હોય છે, જ્યારે સ્પષ્ટતા, નિર્દોષતા અને આનંદ હેઠળ જીવાતી જિંદગી સ્વર્ગ સમાન હોય છે. ભક્તિની અને તેના પરિણામોની આ જ સુંદરતા છે. જે દિવસે આપણે અંધકારમાં જીવાતા જીવનથી ખરેખર ત્રાસી જઈએ છીએ, તે દિવસે સાવ નિરાશ થઈને આપણે કહીએ છીએ, “હવે પછી હું એવું જીવન જીવીશ કે જેમાં મારી આંતરિક રીતે પ્રગતિ થાય.”

આ સમુદ્રની સપાટી પરના મોજાંની શમવાની શરૂઆત છે. હવે બધા પ્રકારની માંગણીઓની પૂર્તિ માટેના રોજના પ્રયત્નોના કારણે ઉભા થતા સંઘર્ષો જ એક રીતે તપસ્યા બની રહે છે. જો તે તપસ્યા બની રહે, તો તે પછી આપણે માત્ર ફરજ નિભાવવા કરતાં, તે જ ફરજ પ્રેમથી, પ્રિયતમના પ્રેમ માટે પૂરી કરીએ છીએ અને આ જ રીત, પછી નિર્મળ ભક્તિમાં પરિણમે છે.

ભક્તિનો અર્થ એ પણ થાય કે આપણે સંપૂર્ણ સભાનતા સાથે, જીવનના દ્વન્દ્વોને સંપૂર્ણપણે જાણીને સ્વીકૃતિ સાથે જીવીએ. ધ્યાન એ માત્ર માનસિક પ્રવૃત્તિ નથી,



ભક્તિનો અર્થ એ પણ થાય કે આપણે સંપૂર્ણ સભાનતા સાથે, જીવનના દ્વન્દ્વોને સંપૂર્ણપણે જાણીને સ્વીકૃતિ સાથે જીવીએ. ધ્યાન એ માત્ર માનસિક પ્રવૃત્તિ નથી, પણ એ મન અને શરીરથી પણ આગળ છે. ઘણાં ફરિયાદ કરે છે કે અનેક જાતની ખલેલ પહોંચવાથી તેમનું ધ્યાન બરાબર થતું નથી, પરંતુ, ધ્યાન જો ભક્તિપૂર્વક કરવામાં આવ્યું હોય, તો 'અપ્રગટ'ને વધારે ચોક્કસ રીતે કળી શકાય છે કારણ કે મનમાં કાલ્પનિક કે લાગણીજન્ય પૂર્વગ્રહ હોતાં નથી.

પણ એ મન અને શરીરથી પણ આગળ છે. ઘણાં ફરિયાદ કરે છે કે અનેક જાતની ખલેલ પહોંચવાથી તેમનું ધ્યાન બરાબર થતું નથી, પરંતુ, ધ્યાન જો ભક્તિપૂર્વક કરવામાં આવ્યું હોય, તો 'અપ્રગટ'ને વધારે ચોક્કસ રીતે કળી શકાય છે કારણ કે મનમાં કાલ્પનિક કે લાગણીજન્ય પૂર્વગ્રહ હોતાં નથી. અલગ અલગ પ્રકારના માનસિક વિક્ષેપો છેવટે ખલેલમાં પરિણામે છે. મનની ચંચળતા આપણી પોતાની કેળવણીનું પરિણામ છે, જેને આપણે સંસ્કાર કહીએ છીએ.

મોટા ભાગના કિસ્સાઓમાં મનને સંસ્કારોમાંથી મુક્ત કરીને વશમાં લેવાની પ્રક્રિયા ધીમી હોય છે. ધીમે ધીમે સંસ્કારોની જગ્યા આંતરિક વિશાળતા લેતી જાય છે, જેના પરિણામે આપણે આપણી આંતરિક પરિસ્થિતિ સાથે સુમેળતા સાધવામાં ઘણો વખત લઈએ છીએ. માત્ર ત્યારે જ આપણને જાણ થાય છે કે આપણે માત્ર દર્દ જ નહીં, પરંતુ આનંદ પણ પચાવી શકતાં નથી.

આપણા અભ્યાસના સંદર્ભમાં અને આ અભ્યાસ આપનારના સંદર્ભમાં સુખદ અથવા દુઃખદ અવસ્થા પામવી, એ મૂળભૂત રીતે જ જટીલતા-યુક્ત છે. જો આપણી ઈચ્છાઓ પૂરી થાય છે, તો આપણી શ્રદ્ધા વધે છે. પણ જો લાંબા સમયથી આપણી ઈચ્છાપૂર્તિ બાકી જ રહેતી હોય, તો આપણે સંસ્થા, પદ્ધતિ કે ગુરુ પર શંકા કરવા માંડીએ છીએ. હું રોજબરોજ આવું થતું જોતો હોઉં છું. એક ઉદાહરણ આપું, તો એક અભ્યાસીએ મને લખ્યું હતું, “દાજી, મારી હાલત ઘણી સારી છે. તમારા આશીર્વાદથી હવે મારી દીકરીના લગ્ન થઈ ગયાં છે અને હું મુક્ત થઈ ગયો છું. હવે મને કોઈ ચિંતા નથી અને મેં જિંદગીભર તમારી સેવા કરવાનું નક્કી કર્યું છે.” કેટલાંક સપ્તાહ પછી, તે જ ભાઈએ ફરિયાદ કરી અને મને પક્ષપાતી હોવાનું કહ્યું! મેં તેમના આ ગુસ્સાનું કારણ પૂછ્યું, તો તેમણે કહ્યું, “મારી પત્ની માંદી હતી અને તમે કોઈ મદદ ન કરી. તે હવે મૃત્યુ પામી છે. મેં તમને હૃદયપૂર્વક પ્રાર્થના કરી હતી પણ જુઓ શું થયું. મને હવે કોઈ શ્રદ્ધા રહી નથી અને હું ધ્યાન કરી શકતો નથી. હું માનું  છું કે જો બાબુજી અહીં હોત, તો તેમણે જરૂર મારી પત્નીને સાજી કરી દીધી હોત.”

રોજેરોજ ઊભા થતાં આવાં પ્રસંગો જોઈ, આપણે નારદ ભક્તિસૂત્ર-(૫૪) માં રહેલા શાણપણને સાચી રીતે સમજી શકીએ છીએ,

गुण-रहितं कामना-रहितं प्रतिक्षण-वर्धमानं,
अविच्छिन्नं सूक्ष्मतरं अनुभव-रूपम् ।

(नारदभक्तिसूत्राणि ५४)

ભક્તિ, ભૌતિક ગુણોથી અને ઇન્દ્રિયજન્ય સંતોષથી રહિત હોય છે. તે સદા વધતી જતી હોય છે, તથા અતિ સૂક્ષ્મ અને અનુભવગમ્ય હોય છે. (નારદભક્તિસૂત્ર, ૫૪)

સાચી ભક્તિને, બક્ષિસ વધારે મળી કે બિલકુલ ન મળી, એની કોઈ અસર થતી નથી. દરેક પરિસ્થિતિઓમાં તે વધતી જ હોય છે. તમારા પતિ/પત્ની અથવા બાળકો સાથે આનંદ કરતાં પણ તે તમને અટકાવતી નથી. આવા ભક્તને માથે

જ્યારે મનુષ્ય ભક્તિમય હોય, ઈશ્વરમાં સંપૂર્ણ શ્રદ્ધા ધરાવતો હોય, ત્યારે તે ઈશ્વરમાં વિશ્વાસ રાખે છે. આ બદલાવ, ઉદ્દાત્ત બનાવનારો અને ઉન્નતિ  કરાવનારો હોય છે. ભક્તની શ્રદ્ધામાં કદી ઓટ આવતી નથી, તેની  વૃદ્ધિ સદા થતી રહે છે.



જ્યારે આફત આવે છે, ત્યારે તે તેને કૃપા સાથે કૃતજ્ઞતાપૂર્વક સ્વીકારે છે. ભક્તિ કદીય શરતી ન હોઈ શકે. તે મન અને હૃદયથી ઉચ્ચતર છે, તે બુદ્ધિ અને લાગણીથી પણ પર છે. શુદ્ધ ચેતના પ્રાપ્ત કરવા, જીવન સમૃદ્ધિ માટેનું એકમાત્ર પ્રભાવી પરિબળ ભક્તિ છે.

પ્રેમ, એ ભક્તનો વિશેષાધિકાર છે. પ્રેમ એટલે આપવું. કરુણા પણ આપવા વિષે જ છે. તેનાથી વિપરીત, મોહ એટલે પડાવી લેવું અને બીજાનો લાભ લેવો. કરુણાસભર હૃદય જાણે છે કે કેવી રીતે પ્રતિક્ષા કરવી, પણ મોહયુક્ત વ્યક્તિ કશાયની રાહ જોઈ શકતી નથી. આમ આપણે સહેલાઈથી અનુમાન તારવી શકીએ કે કળિયુગ હોય કે પછી સતયુગ હોય – એક શાશ્વત બાબત એ છે કે મોહવશ થયેલો મનુષ્ય પોતાની જાત પર પણ વિશ્વાસ રાખી શકતો નથી. જે મનુષ્યમાં પ્રેમ ધીરે ધીરે વિકસતો જતો હોય, તેને પણ વિશ્વાસ રાખવા બાબતે સંશય હોય છે – ક્યારેક તે પોતાની જાત પર વિશ્વાસ રાખે છે, તો ક્યારેક બીજા



આપણી બધી સાધના આપણા હૃદયને પૂજનીય બનવા માટે, નિષ્ઠાવાન બનવા માટે અને સમર્પિત બનવા માટે તૈયાર કરે છે. ભારવિહીન હૃદયની આ તૈયારીઓ 'પરમતત્ત્વ'ને આકર્ષે છે. છેવટે, પરાકાષ્ઠા દિવ્ય કરુણા અને કૃપા થકી જ આવે છે, નહીં કે આપણે તૈયાર હોઈએ, એ કારણે.

પર વિશ્વાસ રાખે છે (એનો અર્થ એ પણ થાય કે તે ક્યારેક પોતાની જાત પર વિશ્વાસ નથી રાખતો અને ક્યારેક બીજા પર પણ વિશ્વાસ નથી રાખતો). જ્યારે મનુષ્ય ભક્તિમય હોય, ઈશ્વરમાં સંપૂર્ણ શ્રદ્ધા ધરાવતો હોય, ત્યારે તે ઈશ્વરમાં વિશ્વાસ રાખે છે. આ બદલાવ, ઉદ્દાત્ત બનાવનારો અને ઉન્નતિ કરાવનારો હોય છે. ભક્તની શ્રદ્ધામાં કદી ઓટ આવતી નથી, તેની વૃદ્ધિ સદા થતી રહે છે.

૧૯૮૧માં, બાબુજીએ અમદાવાદ ખાતે એકવાર એક સરળ સંદેશ આપ્યો હતો. ત્યારે તેઓ શ્રી ખુશાલભાઈ પટેલ સાથે દક્ષિણ આફ્રિકા જવાના હતા અને અમારી સાથે માત્ર બે રાત રોકાયા હતા. તે સરળ સંદેશ હજીય મારા મનમાં ગૂંજે છે:

राहें तलब में ऐसे बेख़बर हो गए,
मंज़िल पे आके मंज़िल को ढूंढते हैं।

તેઓ તેમની શોધમાં એટલા પરોવાઈ ગયા હતા કે તેઓ મંજિલ પર પહોંચી ગયા હોવા છતાંય મંજિલને શોધતા હતા.

આ શબ્દો સાંભળીને હું અતિશય હરખાઈ ગયો હતો. તેનાથી ચોક્કસ થતું હતું કે અમે મુકામે પહોંચી ગયા છીએ! ભક્ત માટે, ખરેખર તો માર્ગ જ મુકામ બની જાય છે અને આ તેમની કૃપા અને કરુણાનું જ પરિણામ છે. નહીં તો આપણે આપણા તરફથી તો કંઈ જ કર્યું હોતું નથી. ગુરુ અને ઈશ્વર વિષે શું? જો ઈશ્વર માંગણી કરતો હોય, તો તે પણ ભિખારી કહેવાય. ઈશ્વરને આપણાં સ્તરે ન લાવી શકાય. જો કોઈ ગુરુ ભિન્નતાથી ઉપર ઉઠ્યા હોય, તેમણે જીવંત મૃતની અવસ્થા પ્રાપ્ત કરી લીધી હોય અને તેઓ 'પરમતત્ત્વ'માં લય પણ પામ્યા હોય, તો શું તેઓ કદીય તેમના શિષ્યોને તેમની પૂજા કરવાની મંજૂરી આપે ખરા ? તેમને કંઈ જોઈતું નથી હોતું, ન તો સ્વ-મહત્તાની પૂર્તિ, ન તો કીર્તિ કે ન તો પ્રસિદ્ધિ, કંઈ જ નહીં. આપણે પણ જો આવા સાચા ગુરુના લક્ષણો નજર સમક્ષ રાખીએ, તો ફસાઈ ન જવાય. જેમને આપણે લક્ષમાં લેવા યોગ્ય ગણીએ, જેમને આપણે પૂજ્ય ગણીએ, જેમને આપણાં પ્રેમનું પાત્ર ગણીએ, તેમની સાથે આપણે શિષ્ય તરીકે, એક સૂરમાં રહેતાં શીખવું જોઈએ.

આપણે આપણાં સ્વ-પ્રયત્નોથી જે કંઈ પણ પ્રાપ્ત કરીએ, તે હંમેશાં ઈશ્વરની બક્ષિસની સરખામણીમાં ઝાંખું લાગશે. આપણી તપશ્ચર્યા હોય અને આપણી વર્ષોની નિષ્ઠાપૂર્વકની સાધના હોય, છતાં પણ આપણે એવી માંગણી ન જ કરી શકીએ કે 'પરમતત્ત્વ'એ પૂર્ણપણે આપણાં હૃદયમાં ઊતરવું જ જોઈએ. આપણી બધી સાધના આપણા હૃદયને પૂજનીય બનવા માટે, નિષ્ઠાવાન બનવા માટે અને સમર્પિત બનવા માટે તૈયાર કરે છે. ભારવિહીન હૃદયની આ તૈયારીઓ 'પરમતત્ત્વ'ને આકર્ષે છે. છેવટે, પરાકાષ્ઠા દિવ્ય કરુણા અને કૃપા થકી જ આવે છે, નહીં કે આપણે તૈયાર હોઈએ, એ કારણે. અહીં આપણને ભગવદ ગીતાના (અધ્યાય બીજો, શ્લોક ૪૭) આ પ્રખ્યાત શ્લોકમાં રહેલા જ્ઞાનની સમજ મળે છે:

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भुर्मा ते संगोऽस्त्वकर्मणि ॥

તમને તમારું કર્મ કરવાનો અધિકાર છે, પણ તમને કર્મના ફળની આશા રાખવાનો કોઈ અધિકાર નથી.

એવું ન માનતા કે તમને તમારા કાર્યોના પરિણામો, તમારા થકી જ મળ્યા છે અને તમે તમારી ફરજો બજાવવામાં ઉદાસીન રહેવાનું વલણ પણ ન રાખતા.

હૃદયપૂર્વકની પ્રાર્થના સાથે,

કમલેશ

૪ જુલાઈ ૨૦૨૧
કાન્હા શાન્તિવનમ

પૂજ્ય શ્રી ચારીજી મહારાજની

૯૪ મી જન્મજયંતી નિમિત્તે

૨૪ જુલાઈ ૨૦૨૧

heartfulness
advancing in love